# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૯ તા.૨૩-૧-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :-રજા દરમ્યાન કરેલ કામગીરીની વળતર રજા આપવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, તા.૨-૧૦-૧૮ને ગાંધી જયંતિ દિનની ઉજવણી, ૩૧-૧૦-૧૮ સરદાર પટેલ જયંતિ તેમજ તા.૨૩-૧૧-૧૮નાં રોજ ગુરૂનાનક જયંતિના દિવસે સરકારશ્રીની સૂચના મુજબ નીચે મુજબના શાળાકક્ષાએ વિવિધ કાર્યક્રમ કરવા રજાઓ રદ કરી શાળા ચાલુ રાખવા માટે આદેશ કરવામાં આવેલ હતા.

| ક્રમ | પરિપત્ર નંબર | તારીખ | રજા | કામગીરીનો પ્રકાર | આપવાપાત્ર વળતર રજા |
|---|---|---|---|---|---|
| ૧ | ૬૮-C/તા.૨૮-૯-૧૮ | ૨-૧૦-૧૮ | ગાંધીજયંતિ | ગાંધી જયંતિની ઉજવણીનો કાર્યક્રમ શાળા કક્ષાએ | ૧ |
| ૨ | ૮૨-B/તા.૩૦-૧૦-૧૮ | ૩૧-૧૦-૧૮ | સરદાર વલ્લભભાઈ પટેલ જયંતિ | રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણીનો કાર્યક્રમ | ૧ |
| ૩ | ૮૬/ તા.૧૯-૧૧-૧૮ | ૨૩-૧૧-૧૮ | ગુરૂનાનક જયંતિ | ૪૫મું નેશનલ સાયન્સ ફેરની શૈક્ષણિક મુલાકાત | ૧ |

આ દિવસો દરમ્યાન ઉપરોકત કાર્યક્રમમાં જે શિક્ષકોએ શાળા હાજરી આપેલ હોય તેની જે-તે શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ ખાતરી કરી શાળાના જે-તે શિક્ષકો માટે ફરજ બજાવવાની દિવસવાર નોંધનું પ્રમાણપત્ર બનાવીને સુપરવાઈઝરશ્રીની ભલામણ સાથે જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રી પાસે મંજૂર કરાવવી. આવી મંજૂર કરેલ વળતર રજાઓ જે-તે શિક્ષકે ચાલુ શૈક્ષણિક વર્ષ તા.૩૧-૫-૧૯ સુધીમાં વળતર રજા તરીકે ભોગવી શકશે.

તા.૨૩-૧-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી